એક ભારત
શ્રેષ્ઠ ભારત

# ગુજરાત તથા છતીસગઢ

## એક પરીચય

EK BHARAT SHRESHTHA BHARAT
एक भारत श्रेष्ठ भारत





shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# એક ભારત શ્રેષ્ઠ ભારત

## એક પરીચય

ભારત એક અનોખું રાષ્ટ્ર છે, જેનું કાપડ વિવિધ ભાષાકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક દોરા વ્દારા વણાયેલું છે, જે સાંસ્કૃતિક ઉત્ક્રાંતિના સમૃદ્ધ ઈતિહાસ વ્દારા સંયુક્ત રાષ્ટ્રીય ઓળખમાં એકસાથે જોડાયેલું છે, અને સાથે-સાથે એક ઉત્તેજક સ્વાતંત્ર્ય-સંગ્રામ સાથે જોડાયેલ છે, જે અહિંસા અને ન્યાયના સિદ્ધાંતોની આસપાસ બાંધવામાં આવ્યું હતું.

સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ નિમિત્તે ૩૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ યાજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિવિધ પ્રદેશોના નાગરિકો વચ્ચે સતત અને માળખાગત સાંસ્કૃતિક જોડાણનો વિચાર રજૂ કર્યા હતો.

માનનીય વડાપ્રધાને પ્રસ્તાવ મૂકયો હતો કે સાંસ્કૃતિક વિવિધતા એ એક આનંદ છે જે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લોકો વચ્ચે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયા અને પારસ્પરિકતા વ્દારા ઉજવવામાં આવવો જોઇએ, જેથી સમગ્ર દેશમાં સમજણની સમાન ભાવના ગુંજતી રહે.

ભારતના તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આખા વર્ષ માટે જોડી દેવામાં આવ્યા છે. જોડીને બનાવેલા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ પરસ્પર પરામર્શ વ્દારા એક પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કર્યું છે, જે પરસ્પર જોડાણની એક વર્ષ લાંબી પ્રક્રિયા માટે માર્ગ મોકળો કરે છે. સાંસ્કૃતિક સ્તરે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની દરેક જોડીના વિદ્યાર્થીઓ- શિક્ષકો વચ્ચેની આ પ્રકારની ક્રિયા-પ્રતિક્રિયા લોકોમાં સમજણ અને પ્રશંસાની ગતિશીલતા પેદા કરશે અને પરસ્પર બંધનનું નિર્માણ કરશે, આમ રાષ્ટ્રમાં એકતાની સમૃદ્ધમૂલ્ય પ્રણાલીને સુરક્ષિત કરશે.

## ગુજરાતનો નકશો અને ભૌગોલિકતા



"ગુજરાત" ભારત દેશનું ઔદ્યોગિક રાજય છે. જે ભારતના પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તરમાં પાકિસ્તાન, ઉત્તર અને ઉત્તરપૂર્વે રાજસ્થાન, પૂર્વે મધ્યપ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્ય તથા દમણ, દીવ, દાદરા અને નગરહવેલી પ્રદેશથી ઘેરાયેલું છે. ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે. જયારે તેનું સૌથી મોટું શહેર અમદાવાદ છે. અમદાવાદ ગુજરાતનું એકમાત્ર મેટ્રોપોલિટન શહેર છે. ગુજરાત રાજયનું ગુર્જર અથવા ગુજરાત્ર પરથી અપભ્રંશ થઇને પડયું હોવાનું મનાય છે. ગુજરાત રાજયની સ્થાપના મે, ૧, ૧૯૬૦ ના રોજ બૃહદ મુંબઇ રાજયમાંથી જયાં ગુજરાતી બોલાતી હોય તેવા વિસ્તારો અલગ પાડીને કરવામાં આવી હતી. આ રાજય સિંધુ ખીણ સંસ્કૃતિના પુરાતન અવશેષની પ્રમુખ જગ્યાઓ ધરાવે છે. જેમકે લોથલ અને ધોળાવીરા. લોથલ દુનિયાનું સૌ પ્રથમ બંદર હતું એવું માનવામાં આવે છે. હાલના તાત્કાલિન વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ મૂળ ગુજરાતના જ છે. ગુજરાતે આખા ભારતને ઘણા રત્નો થી પણ નવાજયા છે.

## છત્તીસગઢનો નકશો અને ભૌગોલિકતા

"છત્તીસગઢ" મધ્ય ભારતના પ્રદેશમાં સ્થિત એક જમીનથી ઘેરાયેલું અને ભારે જંગલવાળું રાજય છે. મધ્યપ્રદેશનો અગાઉનો ભાગ તેને ૧ નવેમ્બર, ૨૦૦૦ના રોજ રાજયનો દરજ્જો આપવામાં આવ્યો હતો. તે ૧૩૫, ૧૯૨ કિમી ૨ વિસ્તાર સાથે ભારતનું ૭મું સૌથી મોટું રાજય છે. ૨૦૨૧ સુધીમાં તેની વસ્તી આશરે ૩ કરોડ હતી, જે તેને દેશનું ૧૭મું સૌથી વધુ વસ્તી ધરાવતું રાજય બનાવે છે. તેની રાજધારી રાયપુર છે. તે ૭ રાજયો ની સરહદ ધરાવે છે. ઉત્તરમાં ઉત્તર પ્રદેશ, ઉત્તર-પશ્ચિમમાં મધ્ય પ્રદેશ, દક્ષિણ-પશ્ચિમમાં મહારાષ્ટ્ર, ઉત્તર પૂર્વમાં ઝારખંડ, પૂર્વમાં ઓડિશા અને દક્ષિણમાં તેલંગાણા અને આંધ્રપ્રદેશ છે. તેમાં ૩૨ જિલ્લાઓનો છત્તીસગઢ ઝડપી વિકાસશીલ રાજયોમાનું એક છે. સંસાધનથી સમૃદ્ધ રાજય, છત્તીસગઢ બાકીના રાષ્ટ્રને વિજળી, કોલસો અને સ્ટીલ પૂરું પાડે છે. ૨૦૨૦ માં 'સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦' ને પગલે આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ છત્તીસગઢને સ્વચ્છ રાજયનું બિરૂદ આપ્યું હતું.



# ગુજરાત

| | |
|---|---|
| નદીઓ | : નર્મદા, સાબરમતી, તાપી વગેરે |
| પર્વતો | : અરવલ્લી પર્વતમાળા, ગીરનાર, પાવાગઢ વગેરે |
| યાત્રાધામો | : સોમનાથ, શામળાજી, અંબાજી, પાવગઢ |
| તહેવાર | : નવરાત્રી, દિવાળી, ઉત્તરાયણ, હોળી |
| પાક | : બાજરી, ઘઉં, તમાકુ, શેરડી, કપાસ, મગફળી |
| જંગલ | : ગીર, સાપુતારા જંગલ |
| પ્રવાસન સ્થળ | : સાપુતારા, નળ સરોવર, સફેદ રણ, સરદાર સરોવર |
| રમાતી રમતો | : કબડ્ડી, ખો–ખો, ગીલી દંડા, સાત્તોડીયું |
| પડોશી રાજ્ય | : મ: મહારાષ્ટ્ર, મ: મધ્યપ્રદેશ, રા: રાજસ્થાન |
| રણ | : કચ્છનું રણ |
| અભ્યારણ | : ગીર નેશનલ પાર્ક, વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર કાળિયાર ઉદ્યાન વગેરે. |

ગુજરાતમાં આવેલુ અમદાવાદને ભારતનું માન્ચેસ્ટર કહેવાય છે. ગુજરાત ભારતનો સૌથીવધુ મીઠુ ઉત્પન કરે છે. આથી તેને ''સોલ્ટ સિટી'' પણ કહે છે. ગુજરાતમાં વસતીમાં સૌથી મોટો જિલ્લો અમદાવાદ છે. સ્થાપના વખતે ૧૭ જિલ્લા હતા. ૧૯૬૪ માં મુખ્યમંત્રી બળવંતરાય મહેતાએ ગાંધીનગર જિલ્લાની ઘોષણા કરી ત્યારબાદ ૧૯૬૬ માં મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈએ વલસાડ જિલ્લાની ઘોષણા કરી. ૨ ઓક્ટોબર ૧૯૯૭ માં મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ બીજા ૫ જિલ્લા આણંદ, દાહોદ, નર્મદા, નવસારી, પોરબંદરની ઘોષણા કરી અને ત્યારબાદ ૨000 માં કેશુભાઇ પટેલે પાટણ જિલ્લાની ઘોષણા કરી. ૨૦૦૭ માં મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ તાપી જિલ્લાની ઘોષણા કરી અને અંતે ૧૫ ઓગષ્ટ ૨૦13 મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ બીજા ૭ જિલ્લા બોટાદ, અરવલ્લી, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, મોરબી, મહીસાગર, ગીર, સોમનાથ ની ઘોષણા કરી અને આ રીતે હાલમાં કુલ 33 જિલ્લા આવેલા છે. અહીંના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા બન્યા હતા.

# છત્તીસગઢ

નદીઓ : મહાનદી, ગંગા, ગોદાવરી, તાંદુલા વગેરે

પર્વતો : સતપુડા પર્વતમાળા, રાજપીપલા પહાડી, મહાદેવ પહાડી

યાત્રાધામો : : મહામાયા મંદિર, મરીમાઇ મંદિર વગેરે

તહેવાર : હોળી, પોરા, સકટ, હરેલી

પાક : મકાઇ પ્રમુખ પાક, સોયાબીન, સૂરજમુખી વગેરે

જંગલ : સિહવા, ગટ્ટ, મોહબના પોંડી

પ્રવાસન સ્થળ : ચિત્ર કોટ ધોધ, સેટ ગંગા, નવાગઢ વગેરે

રમાતી રમતો : ફુગડી, લંગડા, ખુડુવા, દાંડીપોહા

પડોશી રાજ્ય : સૂત્ર : (ઓઝા આ મમ ઉત્તમને આપ)

ઓ : ઓરિસ્સા (ઉડિશા), ઝ: ઝારખંડ,

આ : આંધ્રપ્રદેશ, મ: મધ્યપ્રદેશ, મ : મહારાષ્ટ્ર,

ઉ : ઉત્તર પ્રદેશ, ત્ત : તેલાંગણા

છત્તીસગઢ ભારતના નક્શામાં મધ્યની અંદર આવેલું છે. તેનો મોટો ભાગ જંગલોથી ઘેરાયેલો છે. અહીં આદીવાસી વધુ રહે છે. અહીં સૌથી વધુ ચોખા ઉત્પાદન થાય છે એટલે એને “ચોખાના કટોરા” તરીકે ઓળખવામાં આવે છે. છત્તીસગઢ નું પ્રાચીન નામ દક્ષિણ કોશલ હતુ. રામાયણ કાળની અંદર આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કાલિદાસનો જન્મ પણ છત્તીસગઢમાં થયો હતો. છત્તીસગઢ એ મધ્યપ્રદેશનો પૂર્વ દક્ષિણનો ભાગ છે. સ્થાપના વખતે ૧૬ જિલ્લા હતા ત્યારબાદ બે નવા જિલ્લા નારાયણપુર અને બીજપુર ઉમેરવામાં આવ્યા. ત્યારબાદ ૧૫ ઓગષ્ટ ૨૦૧૧ નાં રોજ મુખ્યમંત્રી રમણસિંહે ૯ નવા જિલ્લાની ઘોષણા કરી પરંતુ આ અસ્તિત્વમાં ૧લી જાન્યુઆરી ૨૦૧૨ માં આવ્યાં. ત્યારબાદ હાલના મુખ્યમંત્રી ભૂપેશ બાઘેલે ૧૫ ઓગષ્ટ ૨૦૧૯ માં એક નવો જિલ્લો ઉમેર્યો આ રીતે કુલ ૨૮ જિલ્લા થયા. અહીંના પ્રથમ મુખ્યમંત્રી શ્રી અજીત જોગી બન્યા.

| વિગત | ગુજરાત | છત્તીસગઢ |
|---|---|---|
| ક્યા રાજ્યમાંથી વિભાજિત | મહારાષ્ટ્ર | મધ્ય પ્રદેશ સ્થાપના |
| સ્થાપના તારીખ | 1 મે 1960 | 1 નવેમ્બર 2000 |
| પાટનગર | ગાંધીનગર | રાયપુર |
| જીલ્લા | 33 | ૨૮ |
| ગીરીમથક | સાપુતારા | ચિરમીરી |
| સૌથી મોટું શહેર | અમદાવાદ | રાયપુર |
| રાજભાષા | ગુજરાતી | છત્તીસગઢી હિંદી, આદિવાસી |
| રાજ્ય પ્રાણી | સિંહ | જંગલી ભેંસ |
| રાજ્ય પક્ષી | સુરખાબ (ફ્લેમિંગો) | પહાડી મેના |
| રાજ્ય વૃક્ષ | વડ | સાલ |
| મુખ્ય નદીઓ | નર્મદા, તાપી, સરસ્વતી | મહાનદી, શિવનાથ, હુસદેવનદી |
| વિધાનસભાની બેઠક | 182 | 90 |
| લોકસભાની બેઠક | 26 | 11 |
| રાજ્યસભાની બેઠક | 11 | 5 |
| રાજ્યપાલ | આચાર્ય દેવવ્રત | અન સૂઇયા ઉઈકે |
| મુખ્યમંત્રી | શ્રી વિજયભાઈ રૂપાણી | ભૂપેશ બઘેલ |
| વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ | સાતમો | નવમો |
| વસ્તીની દ્રષ્ટિએ ક્રમ | દસમો | સત્તરમો |
| સાક્ષરતાનું પ્રમાણ | 79.31% | 71.04% |
| લોકનૃત્ય | ગરબો, રાસ, હાલી નૃત્ય | પંથી, સુસરા, રાઉત, નૃત્ય, કરમા |


**ગુજરાત રાજ્યની ફરતે ત્રણ રાજ્યોની સીમા અડે છે, છત્તીસગઢ રાજ્યને સાત રાજ્યોની સીમા અડે છે.**

છત્તીસગઢ ભારતનું ૨૬મું રાજ્ય. સ્થાપના તા. ૧-૧૧-૨૦૨૦ ના દિવસે મધ્ય પ્રદેશના પૂર્વનાં ૧૬ મંડળો છૂટાં પાડીને કરવામાં આવી. નવા રાજ્યની વિધાનસભામાં ૯૦ બેઠકો છે. લોક સભામાં ૧૧ અને રાજ્ય સભામાં ૫ (પાંચ) છે. વસ્તી આદિવાસી છે. દિનેશચંદન સહાય તેનાં પ્રથમ રાજ્યપાલ નિમાયાં. અજીત જોગી મુખ્ય પ્રધાન થયા. તેનું ઉચ્ચ ન્યાયાલય વિલાસપુરમાં રખાયું. નવું રાજ્ય ખનિજોમાં સમૃદ્ધ છે. ખનિજમાંથી વાર્ષિક આવક અંદાજે રૂ. ૪ અબજ ૧૪ કરોડ થાય છે. દિભોગ હીરાની ખાણ વર્ષે ૨૦ અબજ આપે તેવી ગણત્રી છે. ૫૯,૨૮૫ ચોકિમી એટલેકે રાજ્યનો ૪૪ ટકા વિસ્તાર જંગલોથી છવાયેલો છે. તંદુપત્તા, ચિરાજી, હરાર, બહેડાં, મહુડાં અને સાલનાં બીની આવક રૂ. ૨ અબજ ૧૬ કરોડ જેટલી છે. જોકે જંગલો સંકોચાતા જાય છે. મહાનદી, ગોદાવરી, હસદેવ, શોણ નદીઓ વહેછે. પણ સિંચાઇ ની વ્યવસ્થા નથી. ચોખાનો એક પાક લેવાય છે. ઉદ્યોગો માટે ઘણો અવકાશ છે. નર્મદાનું મૂળ અમરકંટકમાં છે. ભરમદેવનું તથા બિજા મંદિરો છે. કાન્હા રાષ્ટ્રીય ઉપવન છે. બસ્તરનો આદિવાસી પ્રદેશ છે.







# ગુજરાત
# છત્તીસગઢ
# નકશો






શિક્ષણ સાગર

# છત્તીસગઢ રાજયની ઐતિહાસિક બાબતો

## વસ્તી

છત્તીસગઢની વસ્તી ઈ.સ. ૨૦૧૧ પ્રમાણે શહેરી વિસ્તારમાં ૨૩.૪ ટકા રહે છે. જયારે બાકીની વસ્તી મેદાની વિસ્તારોમાં રહે છે. જેમાં મુખ્યત્વે તેલી, સતનામી અને કુર્મી જેવી જાતિઓ છે. જયારે જંગલ વિસ્તારોમાં મુખ્યત્વે ગોંડ, હલબા, કમર બુજિયા અને ઓરાઓન જેવી આદિવાસી જાતિઓ રહે છે. ઓડિયાની વસ્તી પણ મોટી છે. અંગ્રેજોના સમયકાળથી મુખ્ય શહેરોમાં બંગાળીઓ રહે છે. તેઓ શિક્ષણ, ઉદ્યોગ અને સેવાઓ સાથે સંકળાયેલા છે.

## ધર્મ

ઈ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ છત્તીસગઢની ૯૩.૨૫ ટકા વસ્તી હિન્દુ ધર્મનું પાલન કરે છે, જયારે ૨ ટકા મુસ્લિમ, ૧.૯૨ ટકા ખ્રિસ્તી અને બાકીના બોદ્ધ, જૈન અને અન્ય ધર્મના લોકો રહે છે.

## ઐતિહાસિક મહત્ત્વ

છત્તીસગઢ રાજય સતનામ પંથ, કબીર પંથ, રામનામી સમાજ અને અન્ય ઘણા સંપ્રદાયો સાથે જોડાયેલ છે. સંત વલ્લભાચાર્યના જન્મ સ્થળ તરીકે ધાર્મિક મહત્ત્વ ધરાવતું ચંપારણ નામનું સ્થળ પણ છત્તીસગઢમાં આવેલું છે. જે ગુજરાતી સમુદાય માટે મહત્વનું તીર્થસ્થાન તરીકે ખૂબ જ મહત્વનું છે.

ભગવાન રામના જીવનમાં છત્તીસગઢની મહત્ત્વની ભૂમિકા છે. ભગવાન રામે તેમના પત્ની સીતાજી અને નાનાભાઈ લક્ષ્મણ સાથે બસ્તરમાં તેમનો વનવાસ કર્યો હતો. તે સમયે દંડકારણ્ય તરીકે ઓળખાતું સ્થળ અહીં આવેલું છે. શ્રીરામ ભગવાને અલગ અલગ સ્થળોએ રહી તેમના ૧૪ વર્ષમાંથી ૧૦ વર્ષનો વનવાસ છત્તીસગઢમાં કર્યો હતો. છત્તીસગઢના બિલાસપુર જિલ્લાની નજીકમાં આવેલ શિવનારાયણ એક નોંધપાત્ર સ્થાન છે. જેનું નામ શબરી પરથી રાખવામાં આવ્યુ છે. જયારે શ્રીરામે શબરીના એંઠા બોર ખાધા હતા એ સ્થળ હાલમાં શિવનારાયણ નામે પ્રખ્યાત છે.


shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

ઓરીસ્સાની સરહદે આવેલા છત્તીસગઢના પૂર્વ ભાર્ગોમાં ઓડિયા સંસ્કૃતિ પ્રસિદ્ધ છે.

## સાહિત્ય


છત્તીસગઢ રાજય સાહિત્યનો ભંડાર છે. તેઓની કળા અને હસ્તકળા પ્રખ્યાત છે. પરંપરાગત હસ્તકળામાં પેઈન્ટીંગ, લાકડાની કોતરણી, બેલ મેટલ ક્રાફ્ટ, વાંસના વાસણો અને આદિવાસી ઘરેણાં ખૂબ જ અદ્ભૂત હોય છે. છત્તીસગઢ રાજયનો એક સમૃદ્ધ સાહિત્યિક વારસો છે. આ રાજયની પ્રજાએ ઐતિહાસિક ચળવળોમાં ખૂબ જ ભાગ ભજવેલ છે. તેનું સાહિત્ય પ્રાદેશિક ચેતના અને મધ્ય ભારતના અન્ય રાજયોના લોકોથી અલગ ઓળખ પ્રતિબિંબિત કરે છે.

## કલા


છત્તીસગઢ ‘‘કોસા સીલ્ક’’ અને ‘‘ધોકરા અથવા બેલ મેટલ આર્ટ’’ ના ઉત્પાદન માટે જાણીતું છે. કોસા સીલ્કનો ઉપયોગ સાડીઓ અને સલવાર સૂટ ઉપરાંત ફેબ્રિકમાંથી બનાવેલ લહેંગા, શાલ અને જેકેટ્સ, શર્ટ્સ, અચકન્સ અને શેરવાની સહિત પુરુષોના વસ્ત્રો બનાવવા માટે થાય છે.







shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education


© d-maps.com
80 km
40 mi
N
Mercator
शिक्षण सागर
shikshansagar.com
The King of Education

# કસોટી

| | |
|---|---|
| ૧ | ગુજરાતની મુખ્ય નદીઓના નામ લખો. |
| જવાબ | |
| ૨ | છત્તીસગઢની મુખ્ય નદીઓના નામ લખો. |
| જવાબ | |
| ૩ | ગુજરાતમાં ઉજવાતા તહેવારોના નામ લખો. |
| જવાબ | |
| ૪ | છત્તીસગઢમાં ઉજવાતા તહેવારોના નામ લખો. |
| જવાબ | |
| ૫ | ગુજરાતના પાડોશી રાજ્યોના નામ લખો. |
| જવાબ | |
| ૬ | છત્તીસગઢના પાડોશી રાજ્યોના નામ લખો. |
| જવાબ | |
| ૭ | ગુજરાતનું પાટનગર કયું છે ? |
| જવાબ | |
| ૮ | છત્તીસગઢનું પાટનગર કયું છે ? |
| જવાબ | |
| ૯ | ગુજરાતનું રાજ્ય પ્રાણી કયું છે ? |
| જવાબ | |
| ૧૦ | છત્તીસગઢનું રાજ્ય પ્રાણી કયું છે ? |
| જવાબ | |

| | |
|---|---|
| ૧૧ | ગુજરાત રાજ્યનું સૌથી મોટું શહેર કયું છે ? |
| જવાબ | |
| ૧૨ | છત્તીસગઢ રાજ્યનું સૌથી મોટું શહેર કયું છે ? |
| જવાબ | |
| ૧૩ | ગુજરાતનું રાજ્ય પક્ષી કયું છે ? |
| જવાબ | |
| ૧૪ | છત્તીસગઢનું રાજ્ય પક્ષી કયું છે ? |
| જવાબ | |
| ૧૫ | ગુજરાતનો વિસ્તારની દ્રષ્ટીએ કયો ક્રમ છે ? |
| જવાબ | |
| ૧૬ | છત્તીસગઢનો વિસ્તારની દ્રષ્ટીએ કયો ક્રમ છે ? |
| જવાબ | |
| ૧૭ | ગુજરાતનો વસ્તીની દ્રષ્ટીએ કયો ક્રમ છે ? |
| જવાબ | |
| ૧૮ | છત્તીસગઢનો વસ્તીની દ્રષ્ટીએ કયો ક્રમ છે ? |
| જવાબ | |
| ૧૯ | ગુજરાતના લોકનૃત્યના નામ લખો. |
| જવાબ | |
| ૨૦ | છત્તીસગઢના લોકનૃત્યના નામ લખો. |
| જવાબ | |

| | |
|---|---|
| ૨૧ | ગુજરાતનું રાજ્ય વૃક્ષ કયું છે ? |
| જવાબ | |
| ૨૨ | છત્તીસગઢનું રાજ્ય વૃક્ષ કયું છે ? |
| જવાબ | |
| ૨૩ | ગુજરાતની રાજભાષા કઈ છે ? |
| જવાબ | |
| ૨૪ | છત્તીસગઢની રાજભાષા કઈ છે ? |
| જવાબ | |
| ૨૫ | ગુજરાતના કુલ જીલ્લા કેટલા છે ? |
| જવાબ | |
| ૨૬ | છત્તીસગઢના કુલ જીલ્લા કેટલા છે ? |
| જવાબ | |
| ૨૭ | ગુજરાતની સ્થાપના તારીખ કઈ છે ? |
| જવાબ | |
| ૨૮ | છત્તીસગઢની સ્થાપના તારીખ કઈ છે ? |
| જવાબ | |
| ૨૯ | ગુજરાતમાં મુખ્ય કયા પાકો થાય છે ? |
| જવાબ | |
| 30 | છત્તીસગઢમાં મુખ્ય કયા પાકો થાય છે ? |
| જવાબ | |

# એક ભારત શ્રેષ્ઠ ભારત
# અહેવાલ ડાઉનલોડ કરો.

- કાર્યક્રમની માહિતી
- ઉદ્દેશો
- પ્રવૃત્તિ પુસ્તિકા
- છત્તીસગઢ ઈતિહાસ, સંસ્કૃતિ અને ભૂગોળ
- વિવિધ પ્રવૃત્તિઓ
- કાર્યક્રમ દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો
- બાળકોની સંખ્યા
- બાળકોને આપેલ સાહિત્ય




CLICK HERE

શિક્ષણ સાગર

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



# પ્રમાણપત્ર



સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા આયોજિત **'એક ભારત શ્રેષ્ઠ ભારત'** કાર્યક્રમ અંતર્ગત કુમાર / કુમારી ................................ પ્રા. શાળા .............................. ખાતે યોજાયેલ ...................... સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ રજૂઆત કરી ............... સ્થાન પ્રાપ્ત કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી હૃદયની અભ્યર્થના !!

આચાર્યશ્રી

સી.આર.સી.કો.ઓર્ડી.શ્રી

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .


અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .


અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION